॥ સનાતન પરમો ધર્મ ॥ શ્રી અખિલ ભારતીય કચ્છ કડવા પાટીદાર સમાજનું મુખપત્ર

પ્રચાર પ્રસાર જાગૃત ઉજાગર

સોસીયલ મિડીયા

સનાતન ધર્મ પત્રિકા

Email : office@sanatandharmpatrika.com I Web : www.sanatandharmpatrika.com

● સં. ૨૦૭૭ ● શ્રાવણ વદ - ૬ ● તા. ૨૮-૦૮-૨૧ ● શનિવાર SDP NO: 495 MOB. : +91 78018 77774, +91 77189 77774. anksanatandharmpatrika@gmail.com

ભારતનો એક દિવસમાં કોરોના રસીકરણનો વિક્રમ

દેશમાં ૨૪ કલાકમાં કોરોનાની રસીના ૧ કરોડથી વધુ ડોઝ અપાયા : અગાઉ ૧૭ ઓગસ્ટે ૮૮ લાખ ડોઝ અપાયા હતા : કોરોનાની રસીનો વિક્રમ થતાં વડા પ્રધાન મોદીએ ટ્વિટ કર્યુ

રિલાયન્સની કોરોનાની રસીને પરીક્ષણ માટે મંજૂરી

નવી દિલ્હી, તા. ૨૭

મુકેશ અંબાણીની કંપની રિલાયન્સ લાઈફ સાયન્સીઝ દ્વારા તૈયાર કરવામાં આવી રહેલી કોરોના વેક્સિનને ડ્રગ કંટ્રોલર દ્વારા ક્લીનિકલ ટ્રાયલ માટે લીલી ઝંડી આપી દેવામાં આવી છે. તે ૨ ડોઝવાળી વેક્સિન છે. જાણવા મળ્યા મુજબ આ ક્લીનિકલ ટ્રાયલ માટે મંજૂર કરવામાં આવેલી રિકોમ્બિનેન્ટ પ્રોટીન બેઈઝ્ડ વેક્સિન છે. એસઈસીની બેઠકમાં રિલાયન્સ લાઈફની અરજીની સમીક્ષા કરવામાં આવી હતી અને તેને મંજૂરી આપવામાં આવી હતી. રિલાયન્સે પોતાની પ્રસ્તાવિત વેક્સિનના ફેઝ-૧ ટ્રાયલ માટે ડ્રગ રેગ્યુલેટરનો સંપર્ક કર્યો હતો.

શ્રી અખિલ ભારતીય ભડલી પાટીદાર સનાતન સમાજની ત્રિ-વાર્ષિક સામાન્ય સભા.



શ્રી અખિલ ભારતીય કકપા ભડલી પાટીદાર સનાતન સમાજની વર્ષ ૨૦૨૧-૨૦૨૪ માટેની નવનિર્વાચિત હોદેદારો ટીમ, ભડલી નખત્રાણા,

પ્રથમ સત્ર

તા.૨૬-૦૮-૨૦૨૧ ના રોજે શ્રી અખિલ ભારતીય ભડલી પાટીદાર સનાતન સમાજની સામાન્ય સભા ભડલી સમાજ ભવન મુકામે સરકારશ્રીની ગાઈડ લાઈન મુજબ સવારના ૯-૩૦ વાગે લેવામાં આવેલ હતી

●બાલિકાઓ દ્વારા કંકુ ચોખાના વધામણાં સાથે સભા હૉલ માં પ્રવેશ. ● સૌ પ્રથમ મંત્રીશ્રી દેવરામભાઈ છાભૈયા દ્વારા ઉપસ્થિત સૌ સમાજના હોદેદારોને સ્થાન ગ્રહણ. ● મંચસ્થ હોદેદારોના હસ્તે મા ઉમિયા અને ઈષ્ટદેવનું સ્મરણ સાથે દીપ પ્રાગટ્ય ● બાલિકાઓ દ્વારા ઉપસ્થિત સમાજજનોનું ગણેશ સ્તુતિ સાથે સ્વાગત ગીત. ● આજની સભાના અધ્યક્ષ શ્રી ગંગારામભાઈ ઠાકરાણી દ્વારા શાબ્દિક સ્વાગત. ● મહામંત્રી શ્રી કાંતિભાઈ ઠાકરાણી દ્વારા આજની મિટિંગના એજેન્ડા બાબતે માહિતગાર. ● મંત્રીશ્રી બાબુભાઈ સાંખલા દ્વારા ગત મિનિટનું વાંચન અને સર્વાનુમતે બહાલી મેળવેલ. ● મંત્રીશ્રી બાબુભાઈ દ્વારા આવેલ પત્રોનું વાંચન અને ચર્ચા ● ભડલી યુવા મહોત્સવ ૨૦૨૦ ના આયોજન બાબતે અત્યાર સુધીનો મંત્રીશ્રી રમણભાઈ ઠાકરાણી દ્વારા અહેવાલ અને આગામી યોગ્ય સમય પર ભડલી ૨૦૨૦ મહોત્સવ નું આયોજન કરવા માટે ચર્ચા અને આજની સભાની સહમતી. ● મંત્રીશ્રી રતનશીભાઈ ગોરાણી દ્વારા ભડલી અન્નપૂર્ણા ભોજનાલય સમિતિનો અહેવાલ. અને આગળના સમયમાં ભોજનાલય ચાલુ રાખવા માટે ચર્ચા અને બહાલી. આ માટે દર મહિને એક થી અનેક દાતાઓ પાસેથી ₹-૨૦ હજાર લેખે ભંડોળની વ્યવસ્થા કરવામાં આવેલ. ● શ્રી ભડલીના વતનીઓ ગામ વિકાસની ભાવના ધરાવતા ભામાસાઓ દ્વારા ગામ વિકાસ માટે જે દાતાઓએ ભેટ આપેલ છે તેમના સન્માન સમાજ દ્વારા કરવામાં આવેલ અને ભડલી ગામના વતનીઓ બહાર વસતા અને સામાજિક અને શૈક્ષણિક ક્ષેત્રે વિશેષ યોગદાન બદલ નોંધ લેવામાં આવેલ ●સ્થાનિક યુવા મંડળ, મહિલા મંડળ અને ગરીબનાથ સમિતિના કાર્યોના અહેવાલ લેવામાં આવેલ...સાથે સાથે મહામંત્રી કાંતિભાઈ દ્વારા પ્રથમ સત્ર પૂર્ણ થયેલ જાહેર...

બીજું સત્ર 3-00 pm

● સમાજના સભ્યો માટે વાર્ષિક વર્ગણી ફી ₹-૩૫૦ થી વધારીને ૫૦૦ કરવામાં આવેલ ●સમાજમાં જમા રહેલ રકમ જે તે સભ્યોને ૧૫% ને બદલે ૧૨% વ્યાજ લેખે આપવામાં આવશે તેવું નકી કરવામાં આવેલ. ● શ્રી અખિલ ભારતીય ભડલી પાટીદાર સનાતન સમાજના બંધારણ બાબતે ચર્ચા વિચારણા કરતા સર્વાનુમતે ૫ સભ્યોની સમિતિ નું ગઠન કરવામાં આવેલ અને આ બાબતે આ સમિતિ આવતી સામાન્ય સભામાં પોતાનો અહેવાલ આપશે. ● સમાજવાડીના નવનિર્મિત હૉલ અને બે રૂમ માટે સ્વૈચ્છિક દાતા ની ટહેલ મહામંત્રી કાંતિભાઈ ઠાકરાણી દ્વારા મુકવામાં આવેલ અને આ બાબતે સમાજના ભામાસાઓ સામે આવીને સ્વૈચ્છિક ભેટની જાહેરાત કરેલ જેમાં

(૧) ₹-૬૫૧૦૦૦- હૉલ અને એક રૂમ ના દાતા તરીકે શ્રી અર્જુનભાઈ ગંગારામભાઈ ગોરાણી બિલાસપુર (CG) પરિવાર દ્વારા સ્વૈચ્છિક ભેટ આપવામાં આવેલ.

(૨) ₹-૨૫૧૦૦૦- એક રૂમના દાતા તરીકે રમેશભાઈ ગોપાલભાઈ છાભૈયા- રાંચી પરિવાર દ્વારા યોગદાન આપેલ.

● આજની સભાના પ્રમુખશ્રી ગંગારામભાઈ દ્વારા આજની જનરલસભાને ઉદબોદન બાદ કારોબારી વિસર્જન ની જાહેરાત ● સમાજની ચાલુ કારોબારી નો કાર્યકાલ પૂરો થતાં નવી કારોબારી માટે અડૉક્ટ સમિતિને જનરલ સભા દ્વારા કાર્ય સોંપવામાં આવેલ. ●આ સમિતિ દ્વારા વર્ષ ૨૦૨૧-૨૦૨૪ માટે ની નવી કારોબારીની નીચે મુજબની હોદ્દેદારોની યાદી જાહેર કરવામાં આવેલ

જેમાં...

●પ્રમુખશ્રી - ગંગારામભાઈ મનજીભાઈ ઠાકરાણી - નાગપુર ● ઉપપ્રમુખશ્રી - બેચરભાઈ ભીમજીભાઈ ઠાકરાણી - ભડલી ● ઉપપ્રમુખશ્રી - મણીભાઈ દેવશીભાઈ છાભૈયા - દેવરુખ ● ઉપપ્રમુખશ્રી - છગનભાઈ નારણભાઈ ગોરાણી - હૈદરાબાદ ● મહામંત્રીશ્રી - કાંતિભાઈ રવજીભાઈ ઠાકરાણી - વિજયદુર્ગ ● મંત્રીશ્રી - દેવરામભાઈ ગોપાલભાઈ છાભૈયા - અંકલેશ્વર ● મંત્રીશ્રી - રતીલાલભાઈ લધાભાઈ છાભૈયા - દેવરુખ ● મંત્રીશ્રી - બાબુલાલભાઈ કરશનભાઈ સાખલા - ભડલી ● ખજાનચીશ્રી - કાંતિભાઈ મનજીભાઈ ઠાકરાણી - જલગાવ ● સહ ખજાનચીશ્રી - બાબુભાઈ કરશનભાઈ છાભૈયા - રત્નાગીરી ● ઓડિટર - વિશાલભાઈ રણછોડભાઈ ઠાકરાણી - વડોદરા

સલાહકારશ્રીઓ-

૧)રતનશીભાઈ સિવજીભાઈ છાભૈયા- સિકન્દ્રાબાદ ૨)જેન્તીભાઈ રામજીભાઈ ઠાકરાણી-નાગપુર ૩)રમેશભાઈ ગોપાલભાઈ છાભૈયા -રાંચી ૪) ખીમજીભાઈ લધાભાઈ ગોરાણી -બિલાશપુર ૫)બાબુભાઈ ગંગારામભાઈ ગોરાણી-બિલાશપુર ૬)અર્જુનભાઈ ગંગારામભાઈ ગોરાણી -બિલાશપુર ૭)ગોવિંદભાઈ કરસનભાઈ છાભૈયા-બાલેશ્વર ૮)જેન્તીભાઈ કરશનભાઈ છાભૈયા-દેવરુખ ૯)અમરતભાઈ પરબતભાઈ ઠાકરાણી-વડોદરા ૧૦)પરસોત્તમભાઈ પેથાભાઈ ઠાકરાણી -શક્તિગડ ૧૧)બાબુભાઈ ધનજીભાઈ ઠાકરાણી-ઈન્દોર

સંયોજક - રમણિકલાલ ઠાકરાણી - દેવગડ

શ્રી સમાજ ના ટ્રસ્ટીઓ જાણીએ અને અનુભવીએ...

ટ્રસ્ટીશ્રી, રવજીભાઈ ભાદાણી
લક્ષ્મીનારાયણ સંસ્કાર કેદ્ર
અને
શ્રીસમાજ

- : જીવન ઝરમર : -

ભાગ્ય લઈ ને આવવાનું..
અને..
કર્મ લઈને જવાનો...
એક નાની સફર એટલે જિંદગી..
જેમાં...
સત્યની ભુખ બધા લોકોને હોય છે
પણ..
સત્ય પીરસવામાં આવે ત્યારે...
બહુ ઓછા લોકોને તેનો સ્વાદ પસંદ આવે છે..
એવા સત્યવાદી સનાતની પ્રતિભા..
----- RBB -----

જીવન ઝરમર શ્રીસમાજ ટ્રસ્ટીશ્રી
શ્રી રવજીભાઈ ભીમજીભાઈ ભાદાણી,
ચેન્નઈ (કચ્છમાં રામપર-સરવા)

સનાતન સમાજનું પ્રમુખસ્થાને ગૌરવ સાથે નેતૃત્વ સંભાળેલ. એમના કાર્યકાળ દરમિયાન સમાજને સનાતની બનાવવા કેટલાયના અપ્રિય થયા ને કેટલીય વિકટ પરિસ્થિતિઓનો સામનો કરી કઠીન વિષમતા વચ્ચે અથાગ પ્રયત્ન થકી 90% સમાજને સનાતની પ્રવાહમાં સંયોજન કરવામાં સફળ રહેલ..

સત્ય ના આગ્રહી એવા વડીલ રવજીભાઈ સતત છેલ્લાં ત્રણ વર્ષથી કેન્દ્રિય સમાજના ટ્રસ્ટી તરીકે કર્તવ્ય નિભાવી રહ્યા છે. અને સાથોસાથ શ્રી રામપર લક્ષ્મીનારાયણ સનાતન પાટીદાર સમાજનું છેલ્લાં ૧૨ વર્ષથી પ્રમુખશ્રીના હોદ્દાને ગરીમાપૂર્ણ નિભાવી રહ્યા છે.

રામપર-સરવા ગામમાં શંકર ભગવાનનું 'રામેશ્વર મહાદેવ મંદિર'નું શિલાન્યાસ પણ એમના શુભહસ્તે થયેલ.. અને અત્યારે રામપર ખાતે શ્રી લક્ષ્મીનારાયણ ભગવાનનું નૂતન મંદિર આકાર પામી રહેલ છે, તેમાં પણ ગામના ભાઈઓના સાથ-સહકારથી શિલાન્યાસ કરાવેલ છે.. આવી સામાજિક વૃતિ અને પ્રવૃતિ જેમના જીવનની સંસ્કૃતિ બની ગઈ છે એવા વડીલશ્રી રવજીભાઈ ભાદાણીની હાલે શ્રી લક્ષ્મીનારાયણ કેન્દ્રસ્થાન સંસ્કાર-ધામના ટ્રસ્ટી તરીકે વરણી અને શ્રી અખિલ ભારતીય ક. ક. પા. સમાજના ટ્રસ્ટી તરીકે પુનઃવરણી થયેલ છે.



શ્રી રામપર સરવા લક્ષ્મીનારાયણ પાટીદાર સનાતન સમાજના પ્રમુખ શ્રી રવજીભાઈ ભીમજીભાઈ ભાદાણી(ચેન્નાઈ)નુ લક્ષ્મીનારાયણ સંસ્કાર ધામ દેશલપર તેમજ કેન્દ્રિય સમાજના ટ્રસ્ટી તરીકે વરણી થતાં શ્રી રામપર લક્ષ્મીનારાયણ સનાતન પાટીદાર સમાજના સલાહકાર શ્રી હીરજીભાઈ નારણભાઈ રંગાણી (સુરત)ના હસ્તગતે સન્માન કરવા મા આવેલ.. આ કાર્યક્રમમા રામપર ગ્રામ જનો ઉપસ્થિત રહ્યા હતા

શ્રી રવજીભાઈએ વર્ષ ૧૯૬૭માં રામપરની જન્મભૂમિ છોડી વરંગલને કર્મભૂમિ બનાવેલ. ત્યાં એમના મામાશ્રીને ગુરુ બનાવી ધંધાકીય માર્ગદર્શન મેળવવા બાદ વર્ષ ૧૯૭૮માં એમના મોટાભાઈશ્રી મનજીભાઈ ભાદાણી (હાલે શ્રી લક્ષ્મીનારાયણ સમાજ, રામપરના ખજાનચી) સાથે મળી વરંગલ ખાતે પોતાનો વ્યવસાય પ્રારંભ કરીને પ્રગતિ ના પંથે સતત વિકાસ સર કરતા રહયા.

વરંગલમાં વડીલોના આશીર્વાદથી પોતાની જ સૉ મીલ ના કમ્પાઉન્ડમાં જન્માષ્ટમી, નવરાત્રી મહોત્સવ તેમજ સામાજિક કાર્યક્રમો યુવાનો સાથે મળીને શુભારંભ કરાવેલ.

ધંધાકીય પરિવર્તન લઈને વર્ષ ૧૯૯૨માં વરંગલ થી મદ્રાસ સ્થળાંતર કરેલ. સ્વયં વરંગલ ખાતે ન હોવા છતાં પણ સામાજીક પ્રવૃતિઓ એમની સૉ મીલમાં સાતત્યપૂર્વક પ્રારંભ રખાવેલ.

વર્ષ ૧૯૯૮માં મદ્રાસ સમાજવાડીની જમીન સંપાદિત થયેલ તે સમાજવાડીનું શિલાન્યાસ એમના વડીલશ્રીના હસ્તે કરાવેલ. સમયાંતરે સમાજ ભવન નિર્માણ થયા બાદ શ્રી ચંદુભાઈ ભગતના પ્રમુખસ્થાને શ્રી રવજીભાઈ છ વર્ષ (2 terms) ઉપપ્રમુખશ્રીના હોદ્દા પર સેવારત રહેલ. ત્યારબાદ છ વર્ષ (2 terms) શ્રી મદ્રાસ સમાજના પ્રમુખશ્રીનું સ્થાન સંભાળેલ.

સ્વર્ણિયમ વર્ષ ૨૦૧૧માં શ્રી દ.ભા. સમાજમાં સનાતની જ્યુબિલી ચળવળ ચાલી રહી હતી અને આપણા જ અમુક ભાઈઓએ ના મંજુર કરી અલગ સામાજિક સંગઠન ઊભું કરેલ.. એવા કપરા સંજોગોમાં શ્રી દક્ષિણ ભારત સનાતન સમાજનું પ્રમુખપદ સંભાળી લગાતાર છ વર્ષ (2 terms) શ્રી દક્ષિણ ભારત

આર્થિક સમૃદ્ધિ પરિવાર માં લક્ષ્મીનારાયણ ભગવાન ની કૃપા સાતત્ય સાથે પૂર્ણ છે. ભાગ્ય અને કર્મ ને જોડી ને સામાજિક પ્રવૃતિઓમાં કેટ-કેટલી વિકટ પરિસ્થિતિઓ ઉદ્દભવતી હોય છે છતાંયે શ્રી રવજીભાઈ હમેશાં પોતાના એક સિદ્ધાંતની વૃતી પર અડગ રહેતા હોય છે.

પોતાને મળેલ જવાબદારી ખંતઃપૂર્વક નિભાવવા બદલ વડીલશ્રી રવજીભાઈ ભાદાણી ને અંતઃકરણથી શુભકામનાઓ..

શ્રીસમાજ વિકાસ ની અવિરત ઘડતર થતી ઈમારત માં આપ મજબૂત ચટ્ટાન તરીકે સદા સમાજ સુરક્ષિત, તંદુરસ્ત અને જ્ઞાની રહે એવી સિમેન્ટ પૂરતા રહેશો...

આપ ને વંદન સહ અભિનદન...
સંપર્કઃ- ૯૩૮૧૭૯૧૨૫૧



શ્રી સમાજ પ્રચાર અને પ્રસાર - સનાતન ધર્મ પત્રિકા..

આજથી બેંકો સળંગ ત્રણ દિવસ સુધી બંધ

જો તમારી પાસે બેંક સંબંધિત મહત્વનું કામ છે, તો નોંધ લેસો કારણ કે આજથી બેંક સતત ૩ દિવસ સુધી બેક્ર બંધ રહેશે. ૨૮થી ૩૧ ઓગસ્ટ સુધી બેંકોમાં કામ નહીં થાય. વાસ્તવમાં ભારતીય રિઝર્વ બેક્ર અનુસાર બેક્રો આ મહિનાના છેલ્લા સપ્તાહમાં ૨૮ ઓગસ્ટથી ૩૧ ઓગસ્ટ સુધી બંધ રહેશે. જોકે આ સમયગાળા દરમિયાન ઓનલાઈન બેંકિંગ સેવાઓ અને એટીએમ સેવાઓ કાર્યરત રહેશે.

કોરોના વોરિયરની સેવા આપનારને ટાટા દ્વારા અનોખું સન્માન.

નરોડા રહેવાસી, નરોડા યુવમડલ IPP, ડો. વિથલભાઈ ભાવાણીને કોરોના સમયમાં એમના જીવનમાં મેડિકલ અભ્યાસનો આપત્કાલિન સમયે જોખમ વહોરીને કોરોના બીજા લહેરમાં પિડીતો માટે સરાહનીય સેવાકીય કાર્ય (as a કોરોના વોરિયર્સ) બદલ ખાસ નોંધ લઈ ને TATA Group અને CIPLA Pharmaceutical કંપની દ્વારા એમને પ્રોત્સાહન સ્વરૂપે નીચે મુજબની સન્માન સાથે ઉપહાર આપવા માં આવેલ છે

- One Day Complimentary Stay and complementary Conferance Room to Corona Warriors for get together at 5 Star Hotel The TAJ Mahal Palace, Mumbai.

TATA CiplaHealth Improving lives, every day

- Complimentary Return Flight Tickets sponsered by CIPLA Pharmaceutical.

અભિનદીત કરીએ અને બિરદાવીએ.
માનવીય અભિગમ ને..
હેલ્થ અને ડિઝાસ્ટર મિશન, યુવાસંઘ..
શ્રી સમાજ પ્રચાર અને પ્રસાર સમિતિ..

અભ્યાસમાં સમાજનું ગૌરવ

કુ. કાજલ દિવાણી એડવોકેટ, નાગપુર, ઘાટ રોડ.

વડીલ શ્રી વાલજીભાઈ રવજીભાઈ દિવાણી ની પોત્રી અને દિપાબેન જેયંતીભાઈ દિવાણી ની દિકરી કાજલ દિવાણી એ LLB ની FINAL EXAM પાસ કરી ને Lawyer (વકીલ) બનવા બદલ તેમને તેમજ તેમનાં પરિવાર ને શ્રી પાટીદાર સમાજ ઘાટરોડ નાગપુર , શ્રી પાટીદાર મિત્ર મંડળ અને શ્રી પાટીદાર મહિલા મકળ ખુબ ખુબ અભિનંદન અને ઉજ્જ્વળ ભવિષ્ય માટે અનેક શુભેચ્છાઓ પાઠવે છે.
Family ID:- 242801 Phone No. :- 8007235671

અભ્યાસમાં સમાજનું ગૌરવ

કુ. સુમન ઈશ્વર પોકાર

આપડા DMG રિજીયનનાં મહામંત્રી શ્રી ઈશ્વરભાઈ રામજીભાઈ પોકાર અને શ્રીમતી અનસુયાબેન ઈશ્વરભાઈ પોકાર, મહાડની સુપુત્રી કુ. સુમન ઈશ્વર પોકાર M.Comની માસ્ટર ડિગ્રી 96% સાથે ઉત્તિર્ણ થઈને ડોક્ટર બાબાસાહેબ આંબેડકર કોલેજ મહાડ માં પ્રથમ ક્રમાંક મેળવેલ છે.

આ વિશેષ સિદ્ધિ હાંસિલ કરીને તેણીએ પોતાના પરિવાર અને સમાજનું નામ રોશન કરેલ છે. ● YSK No. 30891 ● ફેમિલી ID No. 2200 ● મોબાઈલ ૭૦૫૭૪ ૯૫૮૭૨ કુ. સુમનને TEAM DMG યુવાસંઘ તરફથી ખુબ ખુબ અભિનંદન

MBA થયા... સમાજ ગૌરવ...

ચિ. દેવાંગ ઠાકરાણી - નાગપુર ઘટરોડ

ઘાટરોડ, નાગપુર, અત્રેના નેશનલ ટિમ્બર માર્ટ વાળા શ્રી નટવર ધનજી ઠાકરાણી તથા લલિતા નટવર ઠાકરાણી (કચ્છમાં ભડલી)ના સુપુત્ર દેવાંગ ઠાકરાણીએ MAY-JUNE,2021માં ITM UNIVERSITY, NEW RAIPUR Úke MBA IN FINANCE ની ડિગ્રી 1ST DIVISION WITH DISTINCTION (80%)સાથે મેળવી પરિવાર તથા સમાજનું ગૌરવ વધાર્યું છે. શ્રી પાટીદાર સમાજ, શ્રી પાટીદાર મિત્ર મડંળ, શ્રી પાટીદાર મહિલા મડંળ ઘાટરોડ દેવાંગ ને ખૂબ ખૂબ અભિનંદન અને ઉજ્જ્વળ ભવિષ્ય માટે શુભેચ્છાઓ પાઠવે છે YSK No. : 11799, Family ID : 861577
Phone No. :- 9503461124, 8983732427

માસ્ટર ઓફ ફાર્મસી, સમાજનું ગૌરવ

ચિ. વીરલ ઉત્તમ રામાણી

વડીલ શ્રી રવિલાલ જસરાજભાઈ રામાણીનો પૌત્ર, ઉમિયા ઈનસુરસ(LIC) વાળા શ્રી ઉત્તમ રામાણી તથા શ્રીમતી રમિલા ઉત્તમ રામાણીનો પુત્ર 2021માં SKB college of Pharmacy, Kamptee, Nagpur થી Masters of Pharmacyની ડિગ્રી 1st CLASS WITH DISTINCTION 91.5 % સાથે મેળવી પરિવાર તથા સમાજનું ગૌરવ વધાર્યું છે. વિરલને શ્રી પાટીદાર સમાજ, શ્રી પાટીદાર મિત્ર મડંળ, શ્રી પાટીદાર મહિલા મડંળ વતી અભિનંદન અને ઉજવલ ભવિષ્ય માટેની શુભેચ્છાઓ. Family ID : 150883, YSK No. : 9463, Mobile No.: 75887 48031

ભારત માતા મંદિર ગુજરાતીઓ માટે ગૌરવરૂપ છેઃ ડે.સીએમ

ગાંધીનગર માં ૨૭ ઓગસ્ટ ના રોજ ભારત માતા મન્દિર નું નિર્માણ ના પ્રાણ પ્રતિષ્ઠા વેળા તેના દાતા દિલીપભાઈ સેંઘાણી, નું સન્માન કરતા નાયબ મુખ્ય મંત્રી નિતીન પટેલ અને ઉપસ્થિત પ્રદીપસિંહ ઝાલા ગૃહમંત્રી ગુજરાત રાજ્ય સાથે અન્ય વિશ્વ હિન્દુ પરિસદ ના અગ્રણીઓ..

રાષ્ટ્ર હિત માટે ભારત માતા મન્દિર નિર્માણ ગાંધીનગર માં પહેલું છે. ડો. અશોક સિંગલ નું આ સ્વપ્ન આજે પરીપૂર્ણ કરવામાં આવ્યું. કુલ ચાર દિવસ નો કાર્યક્રમ. યુવાઓ નું સંમેલન, મહિલા સંમેલન, શોભાયાત્રા અને ભારતમાતા મૂર્તિ માં આજે પ્રાણ પ્રતિષ્ઠા નો ઉમદા કાર્યક્રમ પરિપૂર્ણ કરવામાં આવ્યો છે. ૧૯૯૫ એટલે ખૂબ જ સમય પહેલા આ હેતુસર સંપાદન થયેલ જમીન માં આજે ભારત રાષ્ટ્ર નું ગૌરવ મન્દિર નું સ્વપ્ન પૂર્ણ થયું. સમગ્ર ખર્ચ કચ્છ દરસડી ના યુવા સાહસિક દિલીપભાઈ સેંઘાણી દ્વારા કરવામાં આવ્યો ને એમનીજ ટીમ દ્વારા બાંધકામ પૂર્ણ થયું છે..

દિલીપ સેંઘાણી નો બાંધકામ નો વ્યવસાય છે. ગાંધીનગર ને નવી સરકાર મળી તેમાં આ કાર્ય કરવાની તક મળી તે બદલ સહુ નો આભાર પણ માન્યો..

દિલીપભાઈ અને એમના પત્ની સાથે ભગવાન ભારત માતા ના મંદિર માં

દિલીપભાઈ સેંઘાણી અને તેમની આખી ટીમ જે VHPનું ઉત્તમ કાર્ય આ મન્દિર નિર્માણ માટે કાર્ય કરે છે.



કેન્દ્રીય સમાજની ભૂમિદાન યોજના માં દેશલપર (ગુંતલી)સમાજ નો ફાળો રૂપિયા ૧૦૦૦૦૦/- નખત્રાણા ઓફિસે ગત રોજ જમા કરાવેલ. ગામ અગ્રણીઓ દ્વારા ઓફીસ ટીમ ના જય રામાણી ને અર્પણ....

કેન્દ્રીય સમાજ ના ઓડીસા ઝોન ની AGM યોજાઈ. જેમાં ઝોન પ્રમુખશ્રી તરીકે પરેશભાઈ વાલજીભાઈ છાભૈયા, સમ્બલપૂર (ઓડીસા) અને મહામંત્રી તરીકે ધનજીભાઈ હરજીભાઈ ભાવાણી, સમ્બલપૂર (ઓડીસા) ની નિમણુંક કરવામાં આવી છે..

બને ખુબજ ઉત્સાહી અને ચલો કુછ હટકે કરે ના હિમાયતી છે..

અભિદિત કરીએ છે.

(વધુ માહિતી આવતા અંકે)



શ્રી ભાણજી ભાઈ વાલજીભાઈ પોકાર, મથલ - કડોદરા કેન્દ્રીય સમાજ ના ઉપપ્રમુખશ્રી ની વરણી નિમિતે....કડોદરા સમાજના ૧૬ વર્ષ સુધી પ્રમુખ રહી ચૂક્યા છો.

આ ઉપરાંત અનેક વિધ સામાજિક તથા શૈક્ષણીક સંસ્થાઓમાં સ્થાનિકે સુરત ખાતે કાર્યરત છે એવા શ્રી ભાણજીભાઈ ની ગૌરવ રૂપ વરણી શ્રી અખિલ ભારતીય કચ્છ કડવા પાટીદાર સમાજ ના ઉપ પ્રમુખ તરીકે તાજેતરમાં થયેલ છે જે બદલ સમગ્ર મથલ પાટીદાર સમાજ ગૌરવ ની લાગણી અનુભવે છે.

મથલ પાટીદાર સમાજ અત્રેથી શ્રી ભાણજીભાઈ ને હાર્દિક અભિનંદન આપે છે અને ભવિષ્યમાં તેઓ સમાજ સેવાના ક્ષેત્રે વધુ ઉંચા સોપાનો સર કરે અને સમાજોપયોગી કાર્યો કરતા રહે તેવી પ્રભુ પાસે પ્રાર્થના.

કાંતિભાઈ લીંબાણી દ્વારા શ્રી સમાજ ઉપપ્રમુખ એવા ભાણજીભાઈ નું સન્માન કરવામાં આવ્યું....

-શ્રી મથલ પાટીદાર સમાજ

નખત્રાણા કે વી હાઈસ્કૂલ મા કોરોના પોઝિટિવ વિદ્યાર્થી



નખત્રાણા માં છેલ્લા ૨ દિવસ થી ધોરણ૯ થી૧૨ ના વિદ્યાર્થીઓ નું આર ટી પી સી આર ટેસ્ટ કરાઈ રહ્યું છે કુલ ૫૬૩ વિદ્યાર્થીઓ નું ટેસ્ટ થશે ગઈ કાલે કરાયલ ટેસ્ટ મા ધોરણ ૧૧ સાયન્સ ના વિદ્યાર્થી નો એક કેસ કોરોના પોઝિટિવ આવેલ ની જાણ થતા અબડાસા ધારાસભ્ય દ્વારા શાળા ની મુલાકાત લેવાઈ હતી અને ટેસ્ટ થઇ ગયેલા ઓને રજા આપવા મા આવે શાળા સેનેતાઈઝ કરવા ની સૂચના આપવા મા આવેલ. તા ના વિથોન ગામે પણ ૨ કેસ પોઝિટિવ આવ્યા હોવા નું જાણવા મળેલ.. સાવચેતી ના તમામ પ્રકાર ના પગલાં લેવામાં આવે છે..

આજની ચિંતનકણિકા
-: શિક્ષણની સમગ્રતાઃ :-

સમગ્રતા એટલે મનુષ્યનાં શરીર, પ્રાણ, મન, બુદ્ધિ અને આત્માનો સમ્યક અને સંતુલિત વિકાસ. આ પાંચમાંનું એક અંગ પણ અવિકસિત રહે તો એને સમગ્રતા ન કહેવાય. પંચપ્રાણ, પંચમહાભૂત, પાંચ જ્ઞાનેન્દ્રિય અને પાંચ કર્મેન્દ્રિયથી વિભૂષિત આ માનવદેહનાં પાંચેય અંગોને સંસ્કારિત કરવાથી જ શ્રેષ્ઠ માનવની ઉપલબ્ધિ થાય છે.

આ વાત સમજવા માટે નીચેની વાતો ધ્યાનથી સમજવી પડશે --

પંચમહાભૂત સંબંધિત પાંચ અંગનો જો યોગ્ય વિકાસ થાય તો શું પરિણામ મળે તે અત્રે દર્શાવ્યું છે...

(૧) શરીર - શારીરિક વિકાસ. સ્વસ્થ અને પુષ્ટ શરીર.

(૨) પ્રાણ - પ્રાણિક વિકાસ.
આવેગ/સંવેગરહિત
સંતુલિત વ્યક્તિત્વ.

(૩) મન - માનસિક વિકાસ.
સદ્વિચારી-સદાચારી જીવન

(૪) બુદ્ધિ - બૌદ્ધિક વિકાસ.
સત્યાન્વેષી અને સત્યાનુસારી બુદ્ધિથી શોભિત માનવ.

(૫) આત્મા - આત્મિક વિકાસ.
સેવાભાવી અને નિસ્પૃહી વ્યક્તિત્વ.

આવો માનવ સમગ્ર સૃષ્ટિની શોભા બનશે.

મિશન અભિમન્યુ
શ્રી ઉમા એજ્યુકેશન એન્ડ ચેરીટેબલ ટ્રસ્ટ
SUV International School.

ગુજરાતની ટેબલ ટેનિસ સ્ટાર ભાવિનાએ પેરાલિમ્પિક્સમાં ઈતિહાસ રચ્યો

ગુજરાત અમદાવાદ ની ભવિના ટોકિયોમાં મેળવશે મેડલ નિશ્ચિત

ભાવિના પટેલે ટેબલ ટેનિસ એકલ ક્લાસ-૪ની સેમિફાઇનલમાં પહોંચી : ભાવિનાનો મેડલ નિશ્ચિત

સ્ટર્લિંગ રામક્રિષ્ના સ્પેશ્યાલીટી હોસ્પિટલ, ગાંધીધામ
દ્વારા આયોજીત અને
પાટીદાર સર્વોદય સેવા સંઘ સંચાલિત દેવાશિષ હોસ્પિટલ
નાં સહકારથી
નખત્રાણા ખાતે
હદયરોગ, મગજ તથા કરોડરજ્જુ, ડાયાબીટીસ અને થાઈરોઈડ, કિડનીના રોગોને લગતી સમસ્યાઓ અને ફેફસાનાં રોગોનો
"નિઃશુલ્ક નિદાન કેમ્પ"
કેમ્પ દરમ્યાન સુગર ની તપાસ ફ્રિ માં કરી આપવામાં આવશે.
તારીખ : ૯ સપ્ટેમ્બર, ૨૦૨૧, ગુરૂવાર, સમય : સવારે ૧૧ થી ૨
સ્થળ : દેવાશિષ હોસ્પિટલ, પી.જી.વી.સી.એલ. ની સામે, નખત્રાણા (કચ્છ)
Sterling Hospitals Ram Krishna Speciality Hospital Because life matters
વધુ માહિતી માટે સંપર્ક કરો : કનૈયા પરમાર - મો. ૯૯૦૯૦ ૭૩૨૨૬

ભાવભીની શ્રદ્ધાંજલિ - સનાતન ધર્મ પત્રિકા.

તારીખ : ૨૫/૮/૨૦૨૧ બુધવાર

સ્વ. પ્રિયંકાબેન ઉમેશભાઈ રામાણી
ઉંમર : ૩૯ વર્ષ, કચ્છમાં ગામ : નખત્રાણા
હાલમાં ગામ : આનંદપુરાકંપા(બાયડ)
અવસાન કારણ : ટુંકી માંદગી

પરમ કૃપાળુ પરમાત્મા સદગત ના દિવ્ય આત્માને પરમ શાંતિ અર્પે એજ પ્રાર્થના.
શ્રીસમાજ, સનાતન ધર્મ પત્રિકા ની પ્રચાર પ્રસાર સમિતિ દ્વારા ભાવપૂર્ણ શ્રદ્ધાંજલિ....
ૐ શાંતિ શાંતિ શાંતિ